## શ્વાસ-વિશ્વાસ


હરેશ જાની

### માતૃભક્ત બાપજી ત્યારે બોલી ઉઠયા કે

# ‘‘મા તો હું ભગવાનનાં ઘરનું બારણું તોડીને તારી પાછળ દોડી આવીશ’’

*જીવનનો એ જ સાચો પડઘો છે ગની*
*હોય ના વ્યકિત અને તેનું નામ બોલાયા કરે*


ભારત વર્ષના ઋષિકાળથી આજ સુધી કંઇ કેટલાયે એવાં નામ થઇ ગયા કે જે આપણી વચ્ચે નહીં હોવા પછી પણ તેનું નામ બોલાયા કરે છે અને તેના આર્શીવાદ મળતા રહે છે. જેમાં એક મોટું નામ છે નારેશ્વરના નાથ એવા રંગ બાપજીનું.... સુરતથી સો-એક કિ.મી. દૂર નારેશ્વરમાં તપ સાધના સાથે પોતાની દુનિયા બનાવનાર રંગબાપજીના આશીર્વાદ આજે વિશ્વમાં




**રંગ બાપજી - યોગીશ્વરની પાદુકાની સૂરત પધરામણી વેળા શ્રી સર્વદમનભાઇએ ‘બાપજી’નાં દેહવિલયનો ક્રમ શું કહયો, આજે જ જાણો કોઇ સ્વજન ગુજરી ગયું હોય તેમ શ્રધ્ધાળુઓ રડી પડયા.**

ચોતરફ એવા ફરી ગયા છે કે તેમને જાણનારાઓની દુનિયા ખૂબ મોટી થઇ ગઇ છે અને બાપજી પણ વિરાટ સ્વરૂપે યા સુક્ષમ સ્વરૂપે સૌ શ્રધ્ધાળુઓની સાથે હોય તેવી અનુભૂતિ દરેક ક્ષણે કરી રહ્યાં છે. ગત અંકમાં રંગ બાપજીની સુરતની પાદુકા પધરામણીના પ્રસંગોને વણી લીધા પછી ટેકરાવાળા સ્કૂલના ભૂતપૂર્વ આચાર્ય શ્રી નલિનભાઇ દેસાઇને ત્યાં એ પાદુકાની પધરામણી થઇ ત્યાંથી ઉલ્લેખ બાકી હતો. તે પ્રસંગનો ઉપક્રમ આગળ ચલાવીશું તેનું કારણ એજ છે કે આજ અરસામાં બાપજીએ આપણી વચ્ચેથી ઊઠી જવાનું એક નહીં ગમતું કામ કર્યું હતું એ દિવસ હતો કારતક વદ અમાસ એટલે કે આવતાં સોમવારની ૧૬મી તારીખ, નવેમ્બરમાં જ જન્મેલા બાપજી તેમનું જીવન કર્મ પૂરું કરીને એજ માસમાં દેહ છોડી ગયાં. જે દરમ્યાન બાપજીએ દોરેલા એક એક તેજ લિસોટા વર્ષ ૨૦૦૯-૧૦માં તો ખરા જ પણ વર્ષ ૨૧૦૯-૧૦માં પણ તે પ્રસ્તુત રહેશે. જેમાંની પહેલી વાત સહજ મુકતતાની છે. બીજી વાત પૈસા (નાણાં)થી દૂર રહેવાની છે અને ત્રીજી વાત પ્રતિષ્ઠા અને પ્રસિધ્ધિથી દૂર રહેવાની છે. જાહેર જીવનમાં હોવા પછી પણ બાપજીની આરામ ખુરશી જ તેમની દુનિયા હતી અને ત્યાંથી રેલાવેલી અવધૂતાઇ આજે સૌને જીવનના સંતોષનો ઓડકાર આપી રહી છે. જેમા નલિનભાઇ દેસાઇનો એટલે ઉલ્લેખ કરીએ કે તેમને ત્યાં પણ બાપજી હાલ હાલમાં આંટો મારી ગયા. બાપજી વિશે જયારે નલીનભાઇને એમ કહ્યું કે આપ જે રીતે ગુરુદેવ માટે આપના ઘરનાં ઓરડાઓ સજાવીને બેઠાં છો તે જોતાં તે ઘર નહીં પણ બાપજીની ગુફા જેવું વિશેષ લાગે છે ત્યારે ટેલિફોન પર રડી પડતાં તેમણે જણાવ્યું કે અમે તો

સાંધણ પાનાં છ પર →



**ભૂતપૂર્વ શાળા આચાર્ય નલિનભાઇ દેસાઇ એટલા દત્ત સમર્પિત છે કે તેમનું ઘર મંદિર બાપજીની ગુફા જેવું પણ તમને લાગે.**

## ધર્મ મર્મ

શ્રીજીવ વ્યાસ

# પ્રાર્થના

દુનિયાની દરેક જાતિ, પંથ, સંપ્રદાય કે ધર્મમાં પરમકૃપાળુ સર્વશકિતમાન પરમાત્મા પ્રત્યેનો અહોભાવ જે કોઇપણ સ્વરૂપમાં રજૂ થાય છે. તેને પ્રાર્થના કહી શકાય. અલબત્ત, મોટાભાગના લોકો અહોભાવ- આભારવશતા રજૂ કરવાની સાથોસાથ માંગણીઓની યાદી રજૂ કરી દે છે. પ્રાર્થના અંગે જગતના ચિંતકો, વિચારકો, ધર્મકો, વૈજ્ઞાનિકો, મનોચિકિત્સકોએ મંતવ્યો રજૂ કર્યા જ છે. સિધ્ધ, અવતારી, અને ભેખથી જ અવધૂત નહીં પરંતુ વૃત્તિથી પણ અવધૂતમન ચિંતન માર્ગદર્શન રૂપ છે.

જયારે આપણી ચારે બાજુઓ વિપત્તિના વાદળો ઉમટી આવે છે, અંધકાર છવાઇ જાય, કોઇ સાથી કે મદદગાર ન રહે, માર્ગ બતાવનારું ન રહે ત્યારે આપણામાં થોડી આસ્તિકતા રહેલી હોય તો આપણે છેવટે ભગવાન તરફ પાછા ફરીને પોકારી ઉઠીએ છીએ કે, ‘હે નાથ! રક્ષા કરો, માર્ગ બતાવો, તથા અમુક સમયમર્યાદામાં જ આપો. એટલે કે કોઇ વસ્તુ મળી શકે તેનો નિર્ણ? તો આપણે કરી જ લઇએ છીએ. એ વસ્તુની પ્રાપ્તિ કયા ઉપાયથી થઇ શકે! તેમજ કયારે તે પણ આપણે જ પહેલેથી ભગવાનને જણાવી દઇએ છીએ, જાણે કે ભગવાનને આ જ્ઞાન જ ન હોય. આપણને જે જરૂરી વસ્તુઓ છે તેનો તેઓ નિર્ણય જ ન કરી શક! એ પોતે આપણને કયારે આવવાનું અને સમયસર લાવી આપવાનું પણ નકકી ન કરી શકે અને તેટલા માટે જ આપણે તેમને (ભગવાનને) આ બધું કહેવું પડે છે કે જેથી આપણે પ્રાર્થના કરીએ કે નાથ! તમારી જે ઇચ્છા હોય, તે મને આપો, જે પ્રકારે આપવા ઇચ્છતા હો તે પ્રકારે જ આપો, જયારે આપવા ઇચ્છો ત્યારે જ આપો. કારણકે એમના જેવો કે એમનાથી વધીને સર્વજ્ઞ તતા સર્વતા શુભચિંતક આપણા માટે કોઇ હશે! પરંતુ આવું ન કરીને આપણે પ્રભુની સાથે આપણી છિછરી ભાવનાઓને જ રજૂ કરીએ

આપણામાંથી ઘણાંને આ અનુભવ છે કે, પોકાર




પાડતાની સાથે જ એવી અદભૂત રીતે આપણું રક્ષણ થઇ જાય છે કે, જેની કલ્પના પણ થઇ શકતી નથી. આવું કેમ થાય છે? એટલા માટે કે ભગવાન પોતાના સંપૂર્ણ જ્ઞાન, અનંત સામર્થ્ય, સૌહાર્દને લઇને નિત્ય આપણી સાથે જ છે. એમનો હૃદય સાથે સંયોગ થતાં જ એમની સંપૂર્ણ શકિત આપણી આવશ્યકતા પૂર્ણ કવરા માટે પ્રગટ થઇ જાય છે. જયાં એમની અપ્રમેય શકિત, અપરિસીમ સૌહાર્દને વ્યકિત થવાનો અવસર મળ્યો કે વિપત્તિમાં કાળા વાદળો વિખેરાય જાય. નિર્મળ પ્રકાશ છવાઇ જાય. ભારવહન કરનાર સાથીદાર આવી પહોંચે, નિષ્કંટક માર્ગ દેખાવા માંડે તેમજ કૃતજ્ઞતાપૂર્વક હૃદયની પ્રભુના ચરણોમાં મસ્તક નમાવીને આપણે નીકળી પડીએ.

પરંતુ પ્રભુ સાથે આપણા હૃદયનો આ નતો સ્થાયી નથી રહી શકતો, એ ક્ષણો પછી આપણું જીવન ભગવત, પ્રાર્થનામય નથી બની જતું. અનુકૂળ પરિસ્થિતિ આવતાંની સાથે જ આપણે ભગવાનને ભૂલવા લાગીએ છીએ. ભગવાનની પ્રાર્થના એવી અદ્ભુત ચમત્કારની વસ્તુ છે આ સ્મૃતિ પણ આપણે ધીમે ધીમે ખોઇ બેસીએ છીએ.

એનાથી અગ એવા પણ કેટલાક લોકો છે જે ભગવાનની સ્વાભાવિક પ્રાર્થના કરે છે. પરંતુ મોટાભાગના લોકો કેવી પ્રાર્થના કરે છે. એ ટૂંકમાં કહીએ તો એમની પ્રાર્થનાનું રૂપ આ છે ‘નાથ! મને અમુક વસ્તુ આપો, અમુક પ્રકારે જ આપો. અને છીએ, તો પણ આવી પ્રાર્થના કરવી આવશ્યક છે. કારણેક તે સમયે હૃદયનો પ્રભુ સાથે મેળાપ તો થાય જ છે. ભગવાન આવી પ્રાર્થનાથી નારાજ બિલકુલ નથી થતા, તેઓ તો કયારેય કોઇ પર પણ, કોઇ પણ કારણે નારાજ થતા જ નથી. પરંતુ એવી પ્રાર્થનાઓના યથોચિત પરિણામ આપણને તરત જ મળી જાય એ નિશ્ચિત નથી. આવી પ્રાર્થના સફળ થઇ શકે છે અને સફળ ન પણ થાય, કેમકે પ્રભુના અનંત મંગળમય વિધાનથી અવિરોધી પ્રાર્થનાઓ જ તત્ક્ષણ સફળ થાય છે જે પ્રાર્થનાનું પરિણામ અહિતકર છે. તે સફળ નથી થતી પરમ મંગળમયથી અમંગળનું દાન કોઇને મળી જ નથી શકતું.

ઉપરોકત બંને પ્રકારથી અલક કેટલાક એવા મનુષ્ય પણ હોય છે જે ભગવાન પાસે માત્ર ભગવાન માટે ભગવત પ્રેમને માટે જ પ્રાર્થના કરે છે. જગતની કોઇપણ વસ્તુની રાહત તેમના મનમાં નથી હોતી. વિષયોમાં પ્રલોભન તેઓને સહેજ પણ સતાવતા નથી. એમનાં હૃદય સહજ અને સતત ભગવાન સાથે જોડાયેલાં રહે છે.

આ પ્રકારની પ્રાર્થનામાં તો કઇ શીખવાની જરૂર નથી હોતી. પ્રાર્થનાની બધી જ વિધિઓ એમની પ્રાર્થનામાં સહજ રીતે જ આવી જાય છે. વાસ્તવમાં સાચી અને કારણમયી ભગવત પ્રાર્થના જ આ છે. માનવજીવનની સફળતા પણ

સાંધણ પાનાં છ પર →

## ‘બિન્દાસ’ ધાર્મિક રમૂજ

જયકુમાર દમણિયા

# રામાયણ કોણે રચ્યું

વિદ્યાર્થીઃ રામાયણ કોનાં કારણે સર્જાયું?
શિક્ષકઃ કૈકેયી માતાના કારણે
વિદ્યાર્થીઃ નાઆઆઆ... ખોટું.
શિક્ષકઃ તો પછી મંથરાદાસીને કારણે?
વિદ્યાર્થીઃ ના આ..આ..આ.. તદ્દન ખોટું
શિક્ષકઃ તો પછી?
વિદ્યાર્થીઃ દશરથ રાજાના લેભાગુ સેવકોની બેકાળજીને કારણે
શિક્ષકઃ કેવી રીતે?
વિદ્યાર્થીઃ જેવી રીતે આપણે બહારગામ દૂર સુધી બાયરોડ જવાના હોઈએ ત્યારે જતાં પહેલાં આપણું વાહન કાર અથવા સ્કુટર સર્વિસ કરાવી લઈએ છીએ. એમાં જે કાંઈ ખામી હોય તેને તાત્કાલિક દૂર કરાવી લઈએ છીએ પછી જ જઈએ છીએ. તેવી રીતે દશરથ રાજા જયારે રથ લઈને યુદ્ધમા જનાર હતાં ત્યારે એમના સેવકોએ રથને બરાબર ચકાસીને એની ખામી દૂર કરવી જોઈતી હતી. પરંતુ લેભાગુ સેવકોએ રથને બરાબર સર્વિસ નહોતો કર્યો. એટલે ચાલુ યુદ્ધે રથના એક પૈડામાંથી ખીલી નીકળી ગઈ ત્યારે યુદ્ધ નિષ્ણાત અને કુશાગ્રબુદ્ધિ ધરાવતાં કૈકેયી માતાએ તરત જ રથના પૈડામાં પોતાની આંગળી નાંખી દઈને રથને ચાલુ રાખ્યો હતો. અને યુદ્ધ જીતી લીધું એટલે દશરથ રાજાએ અત્યંત પ્રસન્ન થઈને કૈકેયી માતાને ત્રણ વરદાન માગવાનું કહ્યું અને ત્રીજા વરદાને આખું રામાયણ સર્જાયું.

આવી જ રીતે આપણા દેશમા મોંઘવારી ભ્રષ્ટાચાર, કૌભાડો ગરીબી બેકારી અત્યાચાર બળાત્કાર તેમજ આતંકવાદીઓની કળિયુગ રામાયણ સર્જાઈ રહી છે એ કોના પાપે?
શિક્ષકઃ બિચારી જનતાને પાપે!
વિદ્યાર્થીઃ ના આ આ આ..
શિક્ષકઃ તો પછી ધાર્મિક ઠગોના પાપે?
વિદ્યાર્થીઃ ના આ આ આ ધાર્મિક ઠગોને પાપે તો ધર્મમાં રામાયણ સર્જાઈ રહી છે?
શિક્ષકઃ બિચારી જનતાને પાપે?
વિદ્યાર્થીઃ ના..આ..આ....
શિક્ષકઃ તો પછી ધાર્મિક ઠગોને પાપે તો ધર્મમાં રામાયણ સર્જાઈ રહી છે.
શિક્ષકઃ તો પછી?
શિક્ષકઃ તો પછી ધાર્મિક ઠગોના પાપે?
વિદ્યાર્થીઃ નાઆઆઆ ધાર્મિક ઠગોને પાપે તો ધર્મમાં રામાયણ સર્જાઈ રહી છે.
શિક્ષકઃ તો પછી?
વિદ્યાર્થીઃ ફકત સફેદ ઠગોના જ પાપે!!
શિક્ષકઃ ચાવવાના જુદાને બતાડવાના જુદા
એવાં સફેદ ઠગોથી બચાવે ખુદા!

## બિન્દાસ વાણી

### ‘બિંદાસ’ ચાચાનો બાળ સંદેશ

*‘બિંદાસ’ હાસ્યફૂલો! મનભરી હસીને,*
*રડતાં ફૂલોને ખડખડાટ હસાવી દો.*

*અભ્યાસમાં અવ્વલ નંબર લાવીને,*
*આળસુઓને અભ્યાસપ્રિય બનાવી દો.*

*વ્યાયામ, યોગના યોગે, નિરોગી બનીને*
*માંયકાંગલાઓને તંદુરસ્ત બનાવી દો.*

*ગુણીજનોના સદ્‌ગુણો અપનાવીને,*
*નગુણાઓને ગુણવાન બનાવી દો.*

*પાન, બીડી, માવા, ગુટખા, દારૂ ત્યજીને*
*વ્યસનીઓને નિઃર્વ્યસની બનાવી દો.*

*માતાપિતા ગુરુને માનવ સેવા કરીને*
*સેવાચોરોને સેવાનાં પાઠ ભણાવી દો.*

*નહેરુ ચાચાનો બાળપ્રેમ યાદ રાખીને*
*ભૂલકાઓને રાષ્ટ્રપ્રેમ યાદ કરાવી દો.*

## શ્વાસવિશ્વાસ સાંધણ પાનાં આઠનું

### ‘‘મા તો હું ભગવાનનાં ઘરનું ....

અમારું જીવન દત્તને સમર્પિત કરી દીધું છે. આવું બોલતાં બોલતાં નલીનભાઈ રડતાં જાય અને કહેતા જાય કે વર્ષો પહેલાં હું ઝગડીયાની ધારોલી હાઈસ્કૂલમાં શિક્ષક હતો ત્યારે ત્યાંની વાડીમાં રંગબાપજી ચાર દિવસ માટે રહેવા આવ્યાં હતાં અને ત્યારે હું તો યુવાન વયે બધી વ્યવસ્થામાં પડયો હતો. બાપજી વિશે ઝાઝું જાણતો નહીં એથી દૂર થી જ દર્શન કરતો જતા જતા બાપજીએ કહ્યું કે પેલા માસ્તરને બોલાવો હું ત્યાં ગયો અને તેમણે મને નાળિયેર આપ્યું બસ એ દિવસ અને આજની ઘડી હું રંગબાપજીનો પાકકો ભકત થઈ ગયો. એ પછી જીવન એવું ચાલતું રહ્યું કે બાપજીએ જાણે મારી આંગળી જ પકડી લીધી આજે નિવૃતિ પછી પણ આખે આખો દિવસ આપના કહ્યા મુજબની ગુફામાં (ઘરમાં) જ બેસી રહું છું. દત્તપરિવાર એ કંઈ સંપ્રદાય નહીં પણ વિચારધારા છે. આચારધારા છે અને એ ધારા પર અમે અહીં રહ્યા છીએ.

અમારા ઘર સહિત ૧૩-માધવ રો-હાઉસ, ગંગેશ્વર મંદિર અને નલીનભાઈ દેસાઈના નિવાસે પાદુકાની પધરામણી કરવાનું સૌભાગ્ય નારેશ્વરના આચાર્ય શ્રી સર્વદમનભાઈનું હતું. જેમણે શિવ આશિષ વંદન એપાર્ટમેન્ટમાં બાપજીની સાથે સાથે માં રૂકમામ્બાની પણ વાતો કરી. બાપજીના મિજાજ, બાપજીની શૈલી બાપજીની મસ્તીનો બાળ વયે અનુભવ કરી ચૂકેલા શ્રી સર્વદમનભાઈએ જયારે બાપજીના દેહ વિલયની વાતો કરી ત્યારે ત્યાં હાજર એવાં તમામ શ્રધ્ધાળુઓ જાણે આજે જ કોઈ સ્વજન ગુજરી ગયા હોય તે રીતે રડી પડયાં.

શ્રી સર્વદમનભાઈએ કહ્યું કે બાપજી જાણતાં હતાં કે હું અહીં દેહ છોડીશ તો મને ચાહનારા હર કોઈએ ઘા ઝીરવી શકશે નહીં અને એટલે જ તેઓ હરીદ્વાર નીકળી ગયા. દેહ છોડતાં પહેલા નજીકના સેવકને પણ કોઈ કારણસર આર્ય નિવાસમાંથી બહાર મોકલી દીધાં મુલતઃ બાપજીનું ત્યાં ભારતભરનાં સંતો દ્વારા સન્માન થવાનું હતું પણ આ અલગારી બાબા સત્ય સન્યાસી હતા અને તેમને પ્રતિષ્ઠા કે પ્રસિધ્ધિ પસંદ ના હતી. એટલે તારીખો ટાળતા રહ્યા અને કારતક વદ અમાસને દિવસે ખૂબ જ એકાંતમાં દેહ છોડયો એ સમયે પણ તેમની લીલા જુઓ, સર્વદમનભાઈની ઉંમર માત્ર આઠ વર્ષની હતી અને એજ દિવસે તેમના સંસ્કૃતના સાહેબે રેડિયો પરથી સમાચાર લખીને વાંચવાનું કહ્યું હતું. એ સમયે પ્રસાર પ્રચારના કોઈ સાધન નહીં એટલે રેડિયો જ માત્ર સમાચાર આપે. બન્યું એવું કે ઓલ ઈન્ડિયા રેડિયોએ વહેતાં કરેલાં સમાચારમાં એક સમાચાર એવો કહ્યો કે,

‘નારેશ્વરના નાથ એવા શ્રી રંગ અવધૂત મહારાજનો હરિદ્વારમાં દેહ વિલય થયો છે.’

એ સમાચાર સાંભળીને આઠ વર્ષના સર્વદમનભાઈએ દોટ મૂકી સૌને આ સમાચાર આપ્યા અને હાજર એવા સૌ ધબકાર ચૂકયાં પછીના ક્રમમાં બાપજીના દેહને અમદાવાદથી ખુલ્લી ટ્રકમાં લવાયો જેણે જેણે બાપજીને જાણ્યા હતાં તે સૌ પોતપોતાના ગામોમાંથી બાપજીના અંતિમ દર્શને દોડયા. સૌના હૈયાફાટ રૂદન વચ્ચે બાપજીનો દેહ નારેશ્વર પહોંચ્યો કહોને સુરત એજ આખુ દક્ષિણ ગુજરાત, વડોદરા વિ. નારેશ્વરમાં ખડકાઈ ગયું. હજારોની મેદની વચ્ચે બાપજીએ અંતિમ સંસ્કાર માટે અગ્નિદાહ અપાયો એ સમયે પોતાના પ્રિય એવા સ્થળ નારેશ્વરમાં અગ્નિજવાળાઓ વચ્ચે લપેટાયેલા બાપજીના દેહ પરથી સર્વદમનભાઈના કહેવા મુજબ જમણો હાથ ઉપર ઉઠયો અને જાણે સૌને આર્શીવાદ આપતા હોય તેમ થઈ પાછો અગ્નિમાં ભળી ગયો. કોઈની લાગણીઓ રોકી શકાય તેમ ન હતી સૌના મોંઢે દત્ત બાવની ચાલતી હતી અને કદાચ દત્ત બાવનીનાં જ એક વાકય પર લોકો અટકી જઈ શકે તેમ હતાં. જે વાકય હતું **‘ઊઠ દિગમ્બર ચાલ્યાં પ્રાણ’**

શ્રી સર્વદમનભાઈએ અમારા ઘરે કરેલું આ દેહવિલયનું વર્ણન એટલું કરૂણ હતું કે અમે એક સોમવાર વહેલા વાંચકોની સમક્ષ તેમને મૂકી ગયાં છે જેથી કરીને નારેશ્વર જઈને બાપજીના દર્શનનો કોઈ લાભ લઈ શકે.

આગળ બાપજીની માતૃભકિતનો ઉલ્લેખ પણ આપણે કર્યો છે જે માટે સર્વદમનભાઈએ કહ્યું છે માં ભગવતી લક્ષ્મી સ્વરૂપ રૂકમામ્બામાંને બાપજી એમ કહેતા હતાં કે ‘માં તું ચાલી જશે તો હું તારા વગર રહી શકીશ નહીં’ એ સમયે માં એમ કહેતાં હતાં કે મારો જવાનો સમય વહેલો હશે એ પછી તારે તો ખૂબ કરવાનું છે એટલે ભગવાન તને એમ કાંઈ આવવા ન દેશે ત્યારે બાપજી કહેતા કે

***‘માં તું મને શું સમજે છે? તને લીધાં પછી ભગવાન મને ન આવવા દે તો હું ભગવાનના ઘરનું બારણું તોડીને પણ અંદર પ્રવેશી જઈશ.***

અહીં બાપજીની માતૃ ભકિતની પરાકાષ્ઠા જૂઓ, માં રૂકમામ્બાના દેહવિલય પછી થોડાં જ વર્ષોમાં આવડો મોટો અવધૂત જાણે બાળકની જેમ માં વગર રહી ગયો હોય તેમ આપણને સૌને એકલાં મૂકીને આ દુનિયા છોડી ગયો અને દત્ત પરંપરાનો તેની વિચારધારાનો અને એટમબોમ્બ જેવી હરકાળમાં પ્રસ્તુત દત્ત-બાવનીને આપણી પાછળ નર્મદાના નીરની જેમ વહેતી રમતી અને કુદતી મૂકી ગયાં છે જેમાં સર્વદમનભાઈના ભાઈશ્રી સુરેશભાઈ એવો જાદુ પાથરી ગયા છે કે એકવાર તેમને સાંભળી લો તો તમે પણ ગાતા થઈ જાવ.

***જય યોગીશ્વર દત્ત-દયાળ***
***તુજ એક જગમાં પ્રતિપાળ,***
***અત્ર -અનસુયા કરી નિમિત્ત***
***પ્રગટયો જગ્ કારણ નિશ્ચિત....***

### પંચામૃત

માં અનસુયા, માં મદાલશા, માં રેણુકાના કૂખે યોગી પુરુષોને જન્મતાં જોઈને માં રૂકમામ્બા એકવાર એવું બોલી ઊઠયા હતાં કે હું પણ એવા યોગીની માતા બનીને રેવા સ્નાન સાથે નિત્ય જપ તપ સાથે મારું જીવન સફળ કરીશ. આ એજ રૂકમામ્બા માં છે જેની કુખે પાંડુરંગ નામનો એક દીકરો જન્મ્યો જેને આજે દુનિયા રંગ બાપજી તરીકે કોટી કોટી વંદન કરે છે અને સ્મરણ કરતાં કરતાં કૂવો ભરીને રડી લે છે.

શ્રી રંગલીલાનો ઘૂઘવતો સાગર પુસ્તકમાં ૧૮૦ પાનાં નંબર પર બાપજીના સંદર્ભમાં લેખક રમેશભાઈ પંડયાએ લખ્યું છે કે

***‘જેના કૂળમાં દીકરો જન્મી યોગી થાય***
***ઈકોતેર તે કૂળની પેઢી વૈકુંઠ જાય.’***

બોલો, અવધૂત ચિંતન શ્રી ગુરૂદેવ દત્ત.

## ધર્મમર્મ સાંધણ પાનાં આઠનું

### અવધૂતચિંતન

આ પ્રાર્થનામાં જ છે! ક્ષુદ્ર ભોગો- લાભ માટે ભગવાનને પ્રાર્થના કરવી એ તો ભગવાનની કૃપાળુતા અને એમના પરમ મંગલમય વિધાન ઉપર અવિશ્વાસ જ પ્રદર્શિત કરે છે. જાણે કે ભગવાનને આપણી ચિંતા જ નથી. આપણને જરૂરી વસ્તુ તેઓ આપણને આપતા જ નથી. એવી ભાવના આપણી અંતઃચેતનામાં છૂપાયેલી હોય છે. છતાં પણ આપણે ત્યાંથી આગળ વધવાનું છે, જયાં આપણે ઊભા છીએ. જો આપણે ભગવાન પર સર્વથા નિર્ભર નહીં થઈ શકીએ તો પૂર્ણ નિર્ભરતાનો ડોળ કરવાથી કે દેખાડો કરવાથી કંઈ મળે નહીં. આપણે તો આપણા માનસિક - અંતઃસ્થળને અનુરૂપ જ માર્ગ અપનાવવો પડશે. આપણામાંથી મોટાભાગના પૂર્ણ નિર્ભરતાનો માર્ગ ગ્રહણ નથી કરી શકતા, છતાં પહેલાની બે પ્રાર્થનાને જ આપણે બધા અપનાવીએ છીએ, પંરતુ આ બંને પ્રાર્થનાઓમાં પણ કંઈક જાણવા યોગ્ય વાતો છે. તે જાણીને, સમજીને પછી કરેલી પ્રાર્થના ઘણી જ મૂલ્યવાન પ્રાર્થના હોય છે તે પ્રાર્થના જીવનને નીચલા સ્તરેથી ઉઠાવીને ભગવાનના દિવ્ય આલોકમાં પહોંચાડી તે છે. (ક્રમશઃ)

## આધ્યાત્મ કેડી સાંધણ પાનાં ત્રણનું

જયશ્રી સાંઈનાથ.

**પરચો નં. ૨૭૧ઃ સુરતથી સાંઈભકત બહેન જણાવે છે કે** મારા પતિની સોનાની વીંટી સ્વીમીંગ પુલમાં ખોવાઈ ગઈ હતી. પરચો છપાવવાનો સંકલ્પ કરી શોધી તો તે પૂ. બાબાશ્રીની કૃપાથી મળી ગઈ.

**પરચો નં. ૨૭૨ઃ ઊકાઈથી એક સાંઈભકત બહેન જણાવે છે કે** તેઓ નિયમિત લેખ વાંચે છે. તેમના દાંતનો દુઃખાવો દૂર થાય. તેમજ બેબીના બી.એડ.ની પરીક્ષામાં પેપર ખરાબ ગયા હતા આ તે પાસ થાય તે માટે પરચા છપાવવાનો સંકલ્પ કર્યો અને પૂ. બાબાશ્રીએ પરચા દીધાં. બંને કામ સંતોષપૂર્વક પતી ગયા દિકરી પાસ થઈ ગઈ અને દુઃખાવો મટી ગયો જયશ્રી સાંઈનાથ.

## સંત જ્ઞાનેશ્વર અનુસંધાન પાનાં ૧ નું

અભ્યાસ પણ શરૂ કર્યો પરંતુ શાસ્ત્રોના અભ્યાસ કરતાં તેઓ મનનથી વધુ મેળવી શકયા. તેમણે લોકોને સન્માગે વાળવા માટે ભકિતનો આશ્રય લીધો અને પ્રવચનો આપવાની શરૂઆત કરી. તેમના કેટલાય પ્રવચનોની નોંધ કરવામાં આવી છે. તેમના સમયમાં ચાંગદેવ પણ માન્ય સંત હતાં. પરંતુ પ્રથમ મુલાકાતથી જ ચાંગદેવ તેમના શિષ્ય બની ગયા. જ્ઞાનેશ્વરની વાણી પર લોકો મુગ્ધ હતાં. તેથી સમાજના ઘણા લોકો તરફથી તેમને ઝડપથી આવકાર મળવા લાગ્યો અને મહારાષ્ટ્ર બહાર પણ જ્ઞાનદેવનું નામ પહોંચ્યું તેમના અભંગો તથા અમૃતાનુભવ જેવા ગ્રંથો આજે પણ વંચાય છે. બહુ નાની વયમાં તેમણે સમાધિ લીધી.

## શ્રેયસયંત્ર અનુસંધાન પાનાં ૧ નું

મંત્રનો કાગળ થાળીમાં મૂકીને એના પર શુધ્ધ જલસિંચન કરીને ત્રણ અચમની પાણી રેડવાનું છે. પોતાની પત્ની, પુત્ર, કન્યાને પણ ત્રણ ચમચી પાણી સિંચન કરવા કહેવાનું ધૂપ દીપ બતાવી શ્રી કાગળને થાળીમાંથી બહાર મૂકીને થાળી માનું પવિત્ર મંત્રાકિત જળતીર્થ પ્રાશન કરવું ગૃહમંડળીને આપવું સષ્ટાંગદંડ્‌વત કરવો પ્રસાદરૂપે સાકર સિંગદાણા ચોખાની ધાણી ગોળ કોપરુ આદિનો ઉપયોગ કરવો.

ચૈત્ર મહા - આસવ અને કાર્તિક માસમાં આ સાધના ફળદાયક છે. એકમથી સાતમ સુધી કે આઠમ થી ચવદસ સુધી સુખ અને વદ પક્ષમાં સળંગ સાત દિવસ આ પૂજન સવારે કે સાંજે કરી શકાય છે. અથવા કોઈપણ તિથિથી શરૂ કરીને સળંગ સાત દિવસ આ વ્રત સાધના કરવાથી ભૌતિક ઐહિક પારમાર્થિક પ્રશ્નોનો ઉકેલ આવી શ્રેય પ્રાપ્તિ થાય છે. રોજ નવું શ્રેયસ યંત્ર બનાવવાનું છે અને સાતમે દિવસે સાતે સાત ‘શ્રી’ સમૂહના શ્રેયસ યંત્ર કાગળો નદીમાં વિસર્જીત કરવાના છે. ‘ૐ શ્રી ૐ’ મંત્ર જાપની એક માળા કરવાનો આગ્રહ રાખવો. સાધના દરમિયાન વાસનારહિત બ્રાહ્મચર્ય પાળવું વ્યસન ન કરવું. વડિલોને મા-બાપને વંદન કરવું. નીચેનો મંત્ર પુખોતૃગત કરવો. નમસ્તે શારદે દેવિ સરસ્વતી પતિપ્રદે વસત્વં મમ જીન્હાગ્રે સર્વ વિદ્યાપ્રદા ભવ અસ્તુ.

## આરતીનો મહિમા

ભકિત સંપ્રદાયમાં ભકતની આધ્યાત્મિક સાધનામાં આરતીનું સ્થાન મહત્ત્વનું છે. ભકિત સંબંધી વિવિધ દૈનિક ઉપચારોમાં આરતીનું સ્થાન મોખરે છે.

પ્રત્યેક માનવી મંદિરમાં કે પોતાના ઘરમંદિરમાં નિત્ય આરતી કરે છે, તેથી આપણી દૈનિક સાધનામાં આરતીનું સ્થાન અનેરું છે. ભગવાન અને ગુરુ સાથેના જોડાણમાં આરતી એક નિરાળું સહાયક ઉપકરણ બની શકે. જો તેની વિધિ અને મહિમાનું યથાર્થ જ્ઞાન અને અનુસરણ થાય તો.

આરતી એટલે આર્દભાવે ગદ્ ગદ્ કંઠે ભકત દ્વારા ભગવાનની સ્તુતિ. આરતી એ આપણી પ્રાર્થનાનું એક વિશિષ્ટ સ્વરૂપ છે.

ભગવાને પોતાની ઉપર કરેલા પળેપળના ઊપકારોનું સ્મરણ, ભકત આરતી દરમિયાન કરે છે. આ ઉપકારોનું સ્મૃતિ સાથે ભગવાનના અંગે અંગના દર્શનથી ભકતનું હૃદય ભાવાર્દ બની ઊઠે છે. મૂળ સંસ્કૃત શબ્દ આર્તમાંથી આરતી શબ્દ ઊતરી આવ્યો છે.

આરતીનો અર્થ છે દુઃખ કે પીડા. આરતી દરમિયાન ભગવાનના મહિમાનું ગાન અને દર્શન કરતાં કરતાં ભકત પોતાના તમામ દુઃખ- પીડા કે આપત્તિઓમાંથી મુકત થયાનો અનુભવ કરે છે. સાથે સાથે આરતી દરમિયાન આર્તનાદ સાથે થયેલી આપણી તમામ યાચનાઓ ભગવાન અવશ્ય સ્વીકારે છે, અને આપણું દુઃખ મુકત કરે છે. આથી જ જયારે આરતી શરૂ થવાની પૂર્વ ઘોષણારૂપે ઘંટ કે નગારાનો સાદ સંભળાય છે. ત્યારે સૌ ભકતો તમામ કામ પડતાં મૂકીને પ્રભુ સમીપે દોડી જાય છે.

આરતી દરમિયાન ભગવાનની તેજસ્વી મૂર્તિના દર્શન સાથે શંખ-ઝાલર અને નગારાના નાદની વાતાવરણમાં અનેરી દિવ્યતા ઊભરાઈ ઊઠે છે ને સર્જાય છે દિવ્ય ધ્વનિ, દિવ્ય પ્રકાશ અને દિવ્ય દર્શનનો એક અનોખો ત્રિવેણી સંગમ!

**સંકલનઃ બાવજીભાઈ છીતાભાઈ પરમાર**